# સાવિત્રી

## પર્વ ૭

## યોગનું પર્વ

## પ્રથમ સર્ગ

# એકતાનો આનંદ; મૃત્યુના પૂર્વજ્ઞાનજન્ય અગ્નિપરીક્ષા અને હૃદયનો શોક

### વસ્તુનિર્દેશ

સત્યવાનને વરીને આવેલી સાવિત્રીની ને એનાં માતાપિતાની સમક્ષ રાણીના અત્યાગ્રહથી નારદે વિધિનું નિર્માણવાક્ય ઉચ્ચાર્યું અને સત્યવાનની જિંદગીનું હવે માત્ર એક જ વર્ષ રહેલું છે એવું સ્પષ્ટતાથી સંભળાવ્યું, અને પોતે દિવ્ય લોકમાં વિદાય થઈ ગયા. સાવિત્રીનો નિર્ણય છેવટનો હતો અને ગમે તે થાય તો પણ પોતે તે સર્વને માટે તૈયાર છે, એવું એણે એવા બળપૂર્વક ઉચ્ચાર્યું કે તે પછી કોઈને કશું બોલવાનું રહ્યું નહીં.

પ્રારબ્ધ પોતાને માર્ગે પ્રયાત્રા કરી રહ્યું હતું. માણસની આશાઓ અને અભિલાષાઓ એના રથનાં ચક્ર છે ને તેની ઉપર એનો અંધ સંકલ્પ અજ્ઞાત લક્ષ્યની પ્રતિ આગળ વધતો રહે છે. નસીબ માણસ પાસે બધું કરાવે છે. એનું જન્મસ્થાન છે આપણો ગુપ્ત આત્મા અને પ્રકૃતિ તેમ જ પ્રારબ્ધ માણસની સ્વતંત્ર કહેવાતી ઇચ્છા પાસે પસંદગી કરાવે છે.

પરંતુ મહંત આત્માઓ આ સામાન્ય સમતુલાને ઊલટાવી શકે છે અને આત્માને એના ભાગ્યનો નિર્માતા બનાવી દે છે.

સાવિત્રી પાછી રથે બેસીને સત્યવાનની વનકુટીર પ્રતિ જવા નીકળે છે. માર્ગમાંની ગિરિમાળાઓ, વનોપવનો, નદીનાળાંઓ નગરો ને ગામડાંઓ વટાવતી વટાવતી એ શાલ્વદેશની સરહદ પરના અરણ્યમાં આવેલી સત્યવાનની કુટીરે જઈ પહોંચે છે. સાથે આવેલાં વહાલાંઓ ત્યાં એને અંધ રાજાને તથા રાણીને એની વિધિસર સુપરત કરીને દુઃખિત હૃદયે પાછાં ફરે છે.

સાવિત્રી વન્ય જીવનનો આનંદથી અંગીકાર કરે છે ને સાસુસસરાને સેવતી ને પતિપ્રેમમાં સ્વર્ગાધિક સુખ અનુભવતી શ્રમનાં કાર્યોમાં સહજ સ્નેહભાવથી જોડાઈ જાય છે, અને પ્રેમપૂર્વક પ્રેમને માટે જ જીવન ગુજારતી બની જઈ જંગલમાં મંગલ માણવાનું મહાસુખ લે છે, અને મૃત્યુની છેક

નજીકમાં જ રહેલો એનો આનંદ અમોલો બની જાય છે.

આરંભમાં તો વનનાં મનોહર દૃશ્યો, વનવિહંગોનાં મધુર કલરવગાનો, સૂર્યના સ્તોત્રનો સંભાર બની ગયેલો દીપ્યમાન દિવસ, મખમલ ઉપર મણિસ્ફટિકો પાથર્યા હોય એવી રળિયામણી રાત્રિ, સવારથી સાંજ સુધી ને સાંજથી સવાર સુધી હર્ષ-પ્રહર્ષનું હાસ્ય બની જતાં હતાં. સત્યવાનનું સાન્નિધ્ય સાવિત્રીને માટે સાતે સ્વર્ગોનું સામ્રાજ્ય બની જતું અને એની અનુપસ્થિતિ સ્મૃતિઓનું સ્વપ્ન.

એમને માટે સ્વર્ગનો ને પૃથ્વીનો પરમાનંદ એકાકાર બની ગયા હતા. ઉભયમાં એક જ પ્રેમની જોત જલતી હતી. પૃથ્વી ઉપરના પરમ સ્વર્ગમાં બે જીવનો એવાં તો ઓતપ્રોત થઈ ગયાં હતાં કે દુર્દૈવ અને શોક એમના ભભૂકતા ભાવ આગળથી પલાયન કરી ગયાં હતાં.

ગ્રીષ્મનો ઉત્સાહી ઉચ્છ્વાસ ઓસરી ગયો ને વર્ષાએ આણ્યાં કાળાં વાદળાં, વિદ્યુતોના વિલાસો, ધમકાવતા ધડાકાઓ, ઝંઝાઓના જોર-ઝપાટા ને ઝાપટાંની ઝડીઓ. રાત્રિનો ગમગીન અંધકાર સાવિત્રી માટે અમંગળ બની જતો; એના મર્ત્ય હૃદયને ભય ભીંસમાં લેતો; નારદનાં વચન એને યાદ આવતાં. પોતાને માટે હવે કેટલા થોડા દિવસ બાકી રહ્યા છે તેની એ ગણતરી કરતી, ને શોકનું એની ઉપર આક્રમણ થતું. સત્યવાનના સાથમાં પોતે હોય ત્યારે તો તે ભુલાઈ જતો, પરંતુ સવારે ઊઠતાં વાર એ પણ એની સાથે ઊઠતો. જેમ જેમ એ પ્રેમમાં વધારે ઊંડે ઊતરતી ગઈ તેમ તેમ એની યાતના પણ વધતી ગઈ. એનું હૈયું શોકનો ને મહાત્રાસનો ખોરાક બની ગયું.

પરંતુ સાવિત્રી પોતાના દુઃખને પોતાની ભીતરમાં છુપાવી રાખતી હતી. બહારથી કોઈને એની કશીયે ખબર ન પડે એવી રીતે એ બોલતી, ચાલતી ને વર્તતી. એનો રોજનો વ્યવહાર એવો ને એવો જ મીઠો અને મનોહર રહેતો. તેમાંયે સત્યવાનને તો એની અંતર્વ્યથાની ગંધ સુદ્ધાંય ન આવે એવી એ ખાસ સાવચેતી રાખતી. તેમ છતાંય એને અડધીપડધી એની ખબર જાણે પડી જતી, ને સાવિત્રીને આનંદ આપવા માટે એ પોતાના અનિવાર્ય નિત્યક્રમમાંથી બચાવી બચાવીને તે બધો સમય એને માટે જ રાખતો, અને મધુર હૃદયંગમ વહાલનાં વચનોથી અને પ્રેમના પ્રાચુર્યથી એનું સમારાધન કર્યા કરતો. આટઆટલું કર્યા છતાંય સાવિત્રીની જે અગાધ ઊંડી

આવશ્યકતા હતી તેને માટે તે બધું અપર્યાપ્ત જ નીવડતું.

એકાંતના સમયોમાં સાવિત્રીની આંખ સામે એના આગામી દિવસોનું વેરાન ઊભું થતું. કલ્પનામાં ને કલ્પનામાં પોતે પતિ પાછળ ચિતાપ્રવેશ કરી અનુગમન કરવાનાં ને પરલોકમાં એને સહચાર આપવાનાં સ્વપ્નાં સેવતી, પરંતુ શોકથી સિઝાતાં સત્યવાનનાં માબાપને એની જરૂર પડશે એ વિચારે એની કલ્પના અટકી પડતી. વળી કોઈ કોઈ વાર યુગોની મહાવ્યથા પોતામાં નિષ્કર્ષરૂપે એકત્ર થયેલી એ અનુભવતી.પોતાના આત્મમંદિરમાં પ્રેમનું મંદિર બનાવી છૂપા દેવતાઓને એ પોતાના શોકસંતાપનો ધૂપ સમર્પતી ને જીવનની વેદિમાં પોતાની જાત બલિદાનમાં હોમતી.

સત્યવાન અને સાવિત્રીમાં એવી તો એકતા આવી ગઈ હતી કે દેહની દીવાલો આડ ઊભી કરી શકતી નહિ; કોઈ પણ શક્તિ એમને વિખૂટાં પાડવાને સમર્થ નથી એવું સાવિત્રીને લાગ્યા કરતું હતું. એ પોતે ઘેર હોવા છતાંય વનમાં ગયેલો સત્યવાન ત્યાં શું શું કરી રહ્યો છે તે એ જોતી ને એના સાથમાં એનો સચેત આત્મા ત્યાં સંચાર કરતો. ક્ષણે ક્ષણે એના પ્રેમનું પ્રમાણ વધતું જ જતું હતું. પ્રેમ એનું આખુંયે જીવન, આખીયે પૃથ્વી ને આખુંય સ્વર્ગ બની ગયો હતો. જીવનમાંથી જન્મેલો પ્રેમ એમ તો હતો કાળનું બાળક, છતાંય માર્યા મરાય નહિ એવા દેવોના જેવો અમર એ પગલાં ભરતો હતો.

સાવિત્રીનો આત્મા દિવ્ય બળમાં વાધ્યો ને વિસ્તર્યો. કાળના ને વિધાતાના ઘણના ઘા ઝીલવા માટે એણે એરણનું રૂપ લીધું. શોકનો વિલાસ છોડી હવે એ શાંત થયો, સુદૃઢ બની ગયો ને પોતાના જબર જુદ્ધના કોઈ એક પરિણામની, મૃત્યુ અને અશ્રુ ઉપર એને વિજયવંત બનાવી દે એવા કોઈ કૃત્યની રાહ જોવા લાગ્યો.

વરસ હવે બદલાવાની અણી ઉપર હતું. તોફાનોએ પાંખો વીંઝવાનું બંધ કર્યું હતું, ગડગડાટોનો ઘોર શોર શમી ગયો હતો; મેઘમંડળમાંથી માત્ર મંદ મંદ મૃદંગરવ આવતો હતો, ગમગીન હવામાં વરસાદ ટપકતો ટપકતો વિદાય લેતો હતો. ભૂરાં ને ધીરે ધીરે પસાર થઈ જતાં વાદળાંથી પૃથ્વી ઘેરાયેલી હતી, ને એવી જ રીતે સાવિત્રીના હૃદયાકાશમાં શોકનાં વાદળ છાયાં હતાં. એનો શાંત ને નિઃસ્પંદ આત્મા પાછળ છુપાયેલો હતો, પણ તે પ્રકાશ આપતો ન હતો. ભુલાઈ ગયેલાં શિખરો ઉપરથી કોઈ અવાજ

નીચે ઊતરી આવતો ન હતો; માત્ર એના ચિંતાનિમગ્ન દુઃખની એકાંતતામાંથી એનું માનવ હૃદય દેહના દૈવ સાથે સંભાષણ કરતું હતું.

**ભાગ્ય પૂર્વદૃષ્ટ માર્ગ અવિકાર્ય લેતું પોતાતણો હતું.**
**આશાઓ ને આસ્પૃહાઓ મનુષ્યની**
**એના પ્રારબ્ધનો પિંડ વહી જાતાં ચક્રો યાત્રાતણાં રચે**
**ને દોરી જાય સંકલ્પ અંધ એનો અજ્ઞાત લક્ષ્યની પ્રતિ.**
**એની ભીતરમાં છે જે ભાગ્ય તેહ**
**એનાં કર્મ ઘડે છે ને રાજ્ય એની ઉપરે એ ચલાવતું;**
**એને મુખે અને રૂપે ક્યારનોયે એનામાં જન્મ છે ધર્યો,**
**એનું પિતૃત્વ આવેલું છે એના ગુપ્ત આત્મમાં;**
**દેહ જીવનને દ્રવ્ય ઘડે છે હ્યાં એવો આભાસ થાય છે**
**અને પ્રકૃતિ પોતાની જ્યાં હાંકે ત્યાં જતો જીવ જણાય છેઃ**
**એનો સ્વભાવ ને ભાગ્ય**
**બળાત્કારે કરાવે છે એની મુક્ત ઈચ્છા પાસે પસંદગી.**
**વધુ મોટા મહાત્માઓ સંતુલા આ પરંતુ બદલી શકે**
**ને ચૈત્યને બનાવી એ શકે શિલ્પી સ્વભાગ્યનો.**
**અજ્ઞાન આપણું જેને છુપાવે છે તે આ નિગૂઢ સત્ય છેઃ**
**દુર્દૈવ એક છે માર્ગ આપણામાં છે તે સહજ શક્તિનો,**
**કસોટી આપણી ગુપ્ત આત્માની છે પસંદગી,**
**અવશ્યંભાવિતા સ્વાત્માકેરો આદેશ માત્ર છે.**
**મધુરું પુષ્પના જેવું, કઠોર વજ્રના સમું**
**ભાવોદ્રેકભર્યું શાંત સાવિત્રીનું**
**હૈયું આખું માણતું પરિપૂર્ણતા;**
**એણે પસંદ કીધું 'તું, ને અનમ્ય પોતાના બળને પથે**
**બેળે વાળી હતી એના પરિણામતણી પ્રતિ**
**વિશ્વકેરી વંકાતી દીર્ઘ રેખને.**
**એકવાર ફરી બેઠી ખરીઓથી ધ્વનતા દ્રુત એ રથે;**
**એને ઘરથકી લઈ**
**ત્વરમાણ દલો ચાલ્યાં કવચે સજ્જ યોધનાં,**

ને નિર્ઘોષ સુણાતો'તો રથોકેરો સુદૂરમાં.
સૂતેલી ધરતી જાગી પોતાના મૂક ધ્યાનથી,
ઊંચી દૃષ્ટિ કરી જોતી સાવિત્રીને તંદ્રામાંથી વિશાળ એ:
આવી ડુંગરમાળાઓ આળોટંતી ઊજળા ધૂંધકારમાં,
ગ્રીષ્માકાશતણી નીચે લેટેલી સુખચેનમાં
આવી વિશાળ ભૂમિઓ,
આવ્યાં ક્ષેત્રો પરે ક્ષેત્રો વિસ્તરેલાં સૂર્યના તડકામહીં,
વિશાળ ભભકે આવ્યાં નગરો ચંદ્રકાંત શાં,
આવી કેસરિયાળી કૈં સરિતો પીત વર્ણની
લીલી લીલમ શી શાલ્વતણી સરહદે ગયાં
દોરી આ સૌ મદ્રરાજકુમારિકા;
લોહ-વિશાળતાઓનો, કઠોર શિખરોતણો
ને જંગી નિર્જનત્વોનો મુખભાગ બનેલી હદ આ હતી.
એકવાર ફરી આવ્યું દૈવનિર્દિષ્ટ એ સ્થાન સુહામણું,
કિનારીઓ પ્રસ્ફુરંત કુંજોકેરા પ્રમોદથી
જ્યાં પ્હેલી વાર જોયું 'તું સાવિત્રીએ મુખડું સત્યવાનનું,
ને જાગી સ્વપ્નમાં કોઈ જુએ તેમ સત્યવાને જહીંથકી
અકાળ એક સૌન્દર્ય અને સત્યતાનાં કીધેલ દર્શનો,
પૃથ્વી ઉપર જન્મેલા સ્વર્ગકેરા શિશુનું નીરખ્યું હતું
માધુર્ય હેમની શોભા ધારનારા મયંકનું.
પાછો સરી ગયો ભૂત ને ભવિષ્ય સરી આવ્યો સમીપમાં:
ઘણે દૂર રહ્યા પૂઠે મદ્રકેરા વિશાળા રાજમંડપો,
કોતરેલા શુભ્ર સ્તંભો, શય્યાખંડો શીળા આછા-ઉજાશિયા,
સ્ફાટિકી ભૂમિકાઓની મીનાકારી રંગઝાંય વડે ભરી,
મિનારયુક્ત મોટેરી શાળાઓ ને પવનોર્મિલ પલ્વલો,
ઉદ્યાનો મધમાખોના ગુંજાગાનરવે ભર્યાં,
શીઘ્ર જતા ભુલાઈ કે સ્મૃતિ આછી બની જતા
છોળોના છબકારાઓ ફુવારાનાં જલોતણા
મોટા હોજોમહીં બાંધેલ પથ્થરે,
વિચારમગ્ન મધ્યાહ્નકેરી ધીર ગંભીર લયલીનતા,

શાંત સંધ્યાસમે સ્વપ્ન સ્તંભશ્રેણીતણું ધૂસર વર્ણનું,
રાત્રિને મોખરે જાતો સરી ધીરે થતો ઉદય ચંદ્રનો.
ઘણે દૂર રહ્યાં પૂઠે જાણીતાં મુખડાં હવે,
હસતા હોઠની પૂઠે રહેલી સ્નિગ્ધ જલ્પના
સુખભાવે ભરેલી ને કૌશેય સમ કોમલા,
પ્રગાઢ પ્રીતિનાં દૂર રહ્યાં મિલન હસ્તનાં,
ને સ્વજીવનની રાણી હતી જે એક તેહને
અર્પેલી અર્ચનાકેરી આભા દૂર રહી આરાદ્ધ આંખની.
અહીંયાં તો હતું માત્ર આદિકાળતણું નૈર્જન્ય સૃષ્ટિનું:
હતો અવાજ હ્યાં માત્ર પક્ષી ને પશુનો થતો,-
હતી નિર્વાસિના આંહીં યતિઓની અંધારાયેલ ઘોર આ
અમાનુષ અરણ્યમાં,
સ્વરો મનુષ્યના ના હ્યાં સુખાલાપ ભરેલા આવતા હતા,
એના જીવનના દૂર હતા ખીચોખીચ ઉલ્લાસના દિનો.
વાદળાની એક રાતી આંખવાળા વિશાળા સાંજના સમે
ઉઘાડે એક સંકષ્ટ, એક લીલી ફૂલે ફાલેલ ફાટમાં,
વ્યોમ ને ભોમની મીટમધ્યમાંથી તેઓ આવી પહોંચિયાં
લીલી સંધ્યાતણા એક વિશાળા ગૃહવાસમાં.
દોરાયાં એ પછી આગે ધ્યાની એક ઝંખવાશભર્યા પથે
જે પ્રયત્ને જતો જંગી વૃક્ષોની છાયમાં થઈ,
સૂર્યપ્રકાશ દેવામાં કંજૂસાઈ બતાવતી
કમાનોની તળે થઈ,
ને જોયાં એમણે નીચાં છાપરાં ત્યાં એક આશ્રમધામનાં,
આસમાનીતણા એક ધાબા નીચે અડોઅડ ખડાં કર્યાં:
વનના ઘોર હૈયાના સ્મિતના સુપ્રભાત શું
સ્થાન એ લાગતું હતું,
જંગી જંગલનાં ઝાડ જૂથ જૂથ હતાં ત્યાં અવલોકતાં
હતાં આશ્રય એ ગ્રામ્ય માનવીના વિચારનો
અને સંકલ્પશક્તિનો.
આવ્યા એ કુટિરાવાસે કાપકૂપી કરી કાચા રચાયલા:

અને સ્વ ગર્વકેરું ને પ્રેમનું પાત્ર જે હતી
તે સાવિત્રીને સમર્પી ત્યાં પિતાને ને માતાને સત્યવાનની,
પૂછ્યો એકેય ના પ્રશ્ન એના ભાગ્યની વિલક્ષણતા વિષેઃ
મહાન આંધળો રાજા હતો રાજસ્તંભ પતિત તેજનો,
અને એક સમાકેરી મહારાણી ગૌરવે પૂર્ણ, તે છતાં
ચિંતાએ ક્ષીણ જે હતી,
અને હવે નિજાર્થે જે
જિંદગી પાસથી આશા ન એકે રાખતી હતી,
માત્ર જે એકના એક પુત્ર માટે સઘળું વાંછતી હતી,-
પૃથ્વીનો સર્વ આનંદ અને શ્રેયો સઘળાં સ્વર્ગલોકનાં
પક્ષપાતી દૈવકેરી પાસેથી મેળવી લઈ
પોતાના પુત્રને માથે હતી ચ્હાતી ઉતારવા.
જેમ સ્વર્લોકનું તેમ પોતાનું જે પ્રેમપાત્ર બન્યો હતો
ને યુવા દેવના જેવી પ્રાજ્ઞતા ને સૌન્દર્યે જે સજ્યો હતો,
તેને આરાધતી માતા
એના ઉલ્લાસથી પોતે ઉલ્લાસિત બની જતી,
એના ભાગ્યમહીં વિશ્વાસ રાખતી,
જાણતી ન હતી પાસે આવી જેહ રહ્યું 'તું તે અનિષ્ટને.
સાવિત્રીને લઈ આવેલ લોક તે
વનધારે વિલંબાઈ કેટલાક દિનો રહ્યા,
વિયોગદુઃખને દીર્ઘ કરનારા જનો સમા,
શોકે સભર સંસક્ત કર છૂટા પાડવાને ન માગતા,
છેલ્લી વાર જ જોવાની મુખ ઈચ્છા ન રાખતા,
આવતા દિનના શોકે હૈયું ભારે બનાવતા,
દૈવની બેતમા પ્રત્યે અચંબો બતલાવતા,
જે દૈવ આલસી હસ્તે તોડી પાડે પોતાનાં શ્રેષ્ઠ કાર્યને;
દુઃખે લાદેલ ને ભારે હૈયે તેઓ છૂટા એના થકી પડયા,
જેમ દૈવે અનિવાર્ય બળાત્કારે વિખૂટા આપણે થતા
કોઈ પ્રિયથકી જેને ફરી જોવા આપણે પામશું નહીં;
સંચાલિત થઈ એના અનોખા ભવિતવ્યથી,

સાવિત્રીના હૃદયની વરણીની સામે સહાયહીન એ
એને છોડી સિધાવ્યા સૌ એના આનંદના અને
એના પ્રારબ્ધ સાથમાં,
સંભાળ હેઠ મૂકીને જંગલી ત્યાં જંગી જંગલની તહીં.
એકવાર હતું જેહ નિજ જીવન, તેહને
પોતાની પૂઠળે તજી,
પતિની સાથ પોતાનું હતું તે સૌ સત્કારીને હવે પછી,
સત્યવાનતણી સાથે રહી એ ત્યાં અરણ્યમાં:
છેક મૃત્યુ સમીપેનો એ સ્વહર્ષ અમૂલો લેખતી હતી;
અળગી પ્રેમ સાથે એ પ્રેમ માટે જ જીવતી.
દિવસોની પ્રયાત્રાને માથે જાણે સ્વરૂપે સમવસ્થિતા,
નિશ્ચલાત્મા હતો એનો કાલકેરી ક્ષિપ્રતાને નિરીક્ષતો,
ગાઢાનુરાગકેરી ને અપરાજય્ય શક્તિની
પ્રતિમા એ બન્યો હતો,
મિષ્ટ શાસક સંકલ્પ નિરપેક્ષ અધિકાર ચલાવતો,
દેવોની શાંતિ ને તીવ્ર તેજોબલ વડે સજ્યો,
અદમ્ય એ હતો, ન્હોતો પરિવર્તનશીલ એ.

સાવિત્રીને સમારંભે નીલ આકાશની તળે
આવેલું વન-એકાંત લાગ્યું ભવ્ય ભભકાદાર સ્વપ્ન શું,
વેદિ શું ગ્રીષ્મની દીપ્તિમંત ને વહ્નિવૈભવી,
સુમનોએ સજ્યો મ્હેલ દેવોનો આભને અડયો,
પ્રહર્ષણતણે હોઠે શોભતા સ્મિતના સમાં
દૃશ્યો એનાં હતાં બધાં,
ને એના સૌ સ્વરો બંદી-ગાયકો સુખના હતા.
આકસ્મિક લહેરે ત્યાં વાયુકેરી આલાપ ઊઠતો હતો,
હતો ત્યાં મહિમા એક સૂર્યકેરા ક્ષુદ્રમાં ક્ષુદ્ર રશ્મિમાં;
રાત્રી મખમલે સ્થાપ્યા આછા નીલ સ્ફાટિક સરખી હતી,
હૂંફ લેતા અંધકાર કે જ્યોત્સ્નાના અગાધ સિંધુના સમી;
હતો દિવસ કો શોભાયાત્રા શો જંબુવર્ણની,

ને હતો સ્તોત્રગાન એ,
જ્યોતિના હાસ્યનું મોજું હતો એ સુપ્રભાતથી
તે સંધ્યાના સમા સુધી.
સ્મૃતિના સ્વપ્નના જેવી હતી સત્યવાનની ગેરહાજરી,
એનું સાન્નિધ્ય સામ્રાજ્ય હતું કો એક દેવનું
પૃથ્વી ને સ્વર્ગના હર્ષો ઓગળીને બની એક ગયા હતા,
પસાર તરલા એક થતી જ્વાળા વૈવાહિક પ્રહર્ષની,
બની એક જવા આત્મા બે અન્યોન્ય પ્રત્યે ધસમસી જતા,
એક અર્ચિઃસ્વરૂપે બે દેહ દીપ્ત બન્યા હતા.
દ્વારો થયાં હતાં ખુલ્લાં ન ભુલાયે એવી મહામુદાતણાંઃ
બંદી બની ગઈ 'તી બે જિંદગીઓ એક પાર્થિવ સ્વર્ગમાં
અને દૈવ તથા શોક એ પ્રદીપ્ત ઘડીથકી
દૂર ભાગી ગયાં હતાં.
કિંતુ શીઘ્ર હવે ગ્રીષ્મકેરો ઉચ્છ્વાસ ઉગ્ર એ
બલહીન બની ગયો,
વ્યોમમાં સર્પતાં આવ્યાં ઘન-વૃન્દો નીલ-શ્યામલ વર્ણનાં
અને ટપકતાં પર્ણો પર વર્ષા નાઠી નિઃશ્વાસ નાખતી,
અને ઝંઝા બની ઝાડીતણો આરાવ રાક્ષસી.
ધડાકા ને ભડાકાઓ જીવલેણ તૂટીને પડતા હતા,
નાસતાં ઝાપટાંઓનાં પગલાંની ટપાટપો,
ને હાંફો વાયરાકેરી લાંબી અતૃપ્તિથી ભરી,
ગગણાટો શોકકેરા રવે તંગ થયેલી રાત્રિની મહીં,
એ સૌને કાન માંડીને સાવિત્રી સુણતી હતી
તે સમે શોક સારાયે વિશ્વકેરો એની સમીપ આવિયોઃ
અંધકાર નિશાકેરો એને અશુભ શંસતા
સ્વ-ભવિષ્યતણા કાળા મોઢા શો લાગતો હતો.
છાયા ઊભી થતી 'તી સ્વ-પ્રેમીના સર્વનાશની,
ને એના મર્ત્ય હૈયાને લેતો 'તો ભય ભીંસમાં.
પળો ઝડપ ધારીને દયાહીન શરતે દોડતી હતી;
ચોંકતા 'તા વિચારો ને મન એનું સ્મરણે આણતું હતું

તિથિ ભાખેલ નારદે.
ચાલતો 'તો કંપ એક એની રિદ્ધિકેરો હિસાબ રાખતો,
અપર્યાપ્ત હતા એવા વચમાંના દિનો એ ગણતી હતીઃ
એક ભીષણ પ્રત્યાશા એને વક્ષે ટકોરા મારતી હતી;
પગલાંઓ કલાકોનાં એને ભીષણ લાગતાંઃ
શોક એને દ્વાર આવ્યો અજાણી ને આવેગી વ્યક્તિના સમોઃ
નિર્વાસિત થતો જ્યારે હોય પોતે બાથમાં સત્યવાનની,
સવારે ઊંઘમાંથી એ ઊઠતી 'તી ત્યારે એ ઊઠતો હતો
તાકવાને એના વદનની પરે.
અવસાનતણી પીછો લેનારી પૂર્વદૃષ્ટિથી
વૃથા ભાગી જઈને એ મહાનંદ-ગહ્વરોમાં પ્રવેશતી.
જેમ જેમ વધારે એ નિમગ્ના પ્રેમમાં થતી
તેમ તેમ વધારે એ વધતી 'તી મહાવ્યથા;
મિષ્ટમાં મિષ્ટ ઊંડાણોમહીંથી ઊઠતો હતો
એનો શોક ગાઢમાં ગાઢ જે હતો.
સ્મૃતિ તીવ્ર વેદનારૂપ ધારતી,
પ્રેમ-આનંદની એની અતિમાત્ર પાતળી પુસ્તિકાથકી
રોજ ફાડી નખાતું 'તું ક્રૂરતાથી પૃષ્ઠ એક સુવર્ણનું.
આમ સુખતણા જોર-ઝપાટાના ઝોલા ઉપર ઝૂલતી,
તરતી અશુભાશંસાકેરી કાળી તરંગાવલિઓમહીં,
શોક ને ત્રાસને ખાણું સ્વ-હૈયાનું ખવાડતી,-
કેમ કે એ હવે બેઠા હતા એના ઉરના અતિથિ બની
કે પૃથક્ મારતા આંટા એના અંતર્મહાલયે,-
આંખો એની તાકતી 'તી આંધળી શી શર્વરીમાં ભવિષ્યની.
ચાલતી પ્રેમનાં પાત્ર અચેત વદનો વચે,
મનમાં પરદેશી શી, છતાં છેક પાસે હૃદયની મહીં,
પોતાની અળગી જાતમહીંથી એ જોતી ને અવલોકતી
હતી જગત, અજ્ઞાન હસતું ને પસાર સુખિયું થતું
અજ્ઞાત ભાગ્યની પ્રત્યે પોતાના માર્ગની પરે,
ને અચંબો પામતી એ મનુષ્યોનાં જોઈ બેફામ જીવનો.

પાસે હોવા છતાં તેઓ જાણે જુદા જગતોમધ્ય ચાલતાં,
ફરીથી ઊગશે સૂર્ય પાછો એવો હતો વિશ્વાસ એમને,
લપેટાઈ રહેતા એ ઘડી કેડે ઘડીતણી
આશાઓમાં અને કાર્યોમહીં ક્ષુદ્ર પ્રકારનાં,-
ને સાવિત્રી એકલી જ રહેતી 'તી નિજ ભીષણ ભાનમાં.
સમૃદ્ધા સુખથી પૂર્ણા ગુપ્તતા જે અલાયદી,
રૂપેરી મંડપે જાણે, એકદા પધરાવતી
હતી એને વિચારો ને સ્વપ્નાંકેરા નંદતા નીડની મહીં,
તેણે સ્થાન કરી આપ્યું
દુઃખાન્ત ઘટિકાઓને એકાંતત્વવડે ભરી,
ને કો ભાગ પડાવે ના કે ના જાણે એવા એકલ શોકને,
શરીર ત્યાં હતું જોતું અતિ શીઘ્ર અવસાન સ્વ-હર્ષનું
ને મર્ત્ય પ્રેમનો મોદ ક્ષણભંગુરતાભર્યો
અવસન્ન બની જતો.
મુખમુદ્રા શાંત એની મધુરી સ્થિરતા ભરી,
ચારુતાએ ભર્યાં એનાં નિત્યકર્મ છદ્મવેશ હતાં હવે;
નિઃસ્પંદતા અને આત્મશાંતિ માટે કરવા પ્રાપ્ત ભૂમિકા
વ્યર્થ એ નિજ ઊંડાણો ઉપરે અવલોકતી.
નિશ્ચલ નયને જેહ જિંદગીનું જુએ નાટક ચાલતું,
મન ને ઉરના શોક માટે ટેકો બની જતો,
માનવી હૃદયોમાં જે સહી લે છે વિશ્વને ને નસીબને
તે મૌની આત્મ અંતઃસ્થ સાવિત્રીથી હજી ગુંઠનમાં હતો.
આવતી એક ઝાંખી કે ઝબકારાય આવતા,
સાન્નિધ્ય ગોપને હતું.
માત્ર એનું તીવ્ર હૈયું ને સંકલ્પ ગાઢાનુરાગથી ભર્યો
ધકેલાયાં હતાં આગે ભેટવાને નાફેર ઘોર ભાગ્યને;
બચાવ વણનાં, નગ્ન, બંધાયેલાં માનવીય નસીબ શું
સક્રિય બનવા માટે તેઓ પાસે એકે સાધન ના હતું,
બચાવ કરવા માટે માર્ગ એકેય ના હતો.
આ વશે રાખતી 'તી એ, ન કશુંયે બહાર બતલાવતીઃ
હજુયે એ હતી બાલા જેને તે પ્રીછતા હતા

અને પ્રેમ જેની ઉપર રાખતા;
ભીતરે જે હતી શોકગ્રસ્ત નારી તેને જોતા હતા ન તે;
એની લાવણ્યથી પૂર્ણ
ગતિઓમાં ફેરફાર દેખાતો ન હતો કશોઃ
સૌ જેને સેવવા સ્પર્ધા કરતા તે
એકવારતણી આરાધિતા રાણી
હવે તો સર્વની સેવા કરનારી દાસી પોતે બની હતી,
ઝાડુએ ને ઘડે, કૂવે, કામથીએ જાતને ન બચાવતી,
કે શુશ્રૂષા અને સેવા સ્નિગ્ધ પાસે રહી એ કરતી હતી,
વેદિના ને રસોડાના અગ્નિ એ ઈંધતી હતી,
બળ જે અબળાકેરું કરવા છે સમર્થ તે
કશુંયે અન્યને માટે લેશે એ રાખતી ન 'તી.
એનાં સકળ કાર્યોમાં અનોખી એક દિવ્યતા
પ્રકાશી ઊઠતી હતીઃ
હિલચાલમહીં સૌથી સાદી એક આણી એ શકતી હતી
એકતા પૃથિવીકેરા કાંત કંચુક સાથની,
સાધારણ ક્રિયાઓને પ્રેમદ્વારા ઊર્ધ્વગામી બનાવતી.
સર્વ-પ્રેમ હતો એનો અને એના એક સ્વર્ગીય રશ્મિથી
સુવર્ણ-ગ્રંથિને સ્થાને રહી પોતે
સૌને સૌની સાથે એ બાંધતી હતી.
કિન્તુ જ્યારે શોક એનો
આવ્યો જોર કરી છેક સપાટીની સમીપમાં
ત્યારે આ વસ્તુઓ સર્વે-એકદા જે પોતાની સંમુદાતણો
અનુબંધ બની 'તી ચારુતાભર્યો-
એને લાગી અર્થહીન, ચમકંતા બાહ્યના કોચલા સમી,
કે યાંત્રિક અને ખાલી નિત્યના ક્રમના સમી,
કાયાનાં કાર્ય, ના જેમાં હતો લેતો ભાગ સંકલ્પ એહનો.
વિચિત્રા ને વિભક્તા આ જિંદગી પૂઠળે સદા
આત્મા એનો જીવમાન અગ્નિના સિંધુના સમો
સ્વ-પ્રેમી પર સ્વામિત્વ હતો દાખવતો અને
વળગેલો રહેતો 'તો પ્રેમીકેરા શરીરને,

બાંધી આશ્લેષમાં લેતો પતિને ખતરે પડયા.
ધીરી નીરવ હોરાઓમહીં સારી રાત એ જાગતી હતી,
સત્યવાનતણા હૈયાકેરા ને મુખડાતણા
ખજાનાના વિચારે લીનતા ધરી,
એના શિરતણા નિદ્રાબદ્ધ સૌન્દર્યની પરે
વ્હાલથી ઝૂકતી હતી
કે તપ્ત ગાલ પોતાનો મૂકી દેતી એના ચરણની પરે.
સવારે ઊઠતાં એના અધરો શું
એના લાગી રહેતા 'તા અધરો ને અંત એનો ન આવતો,
ન કદીય વિયોજાવા ઇચ્છા એ રાખતા હતા,
ચ્હાતા ન 'તા વિલંબાતા હર્ષકેરી
મધમીઠી એ નાલીને ગુમાવવા,
એના શરીરને છાતીથકી આઘું કરવા માગતા ન 'તા,
સ્નેહોષ્માએ ભરી, પર્યાપ્ત ના એવી
આ સંજ્ઞાઓ પડે લેવી પ્રેમને ઉપયોગમાં.
કાલ-દારિદ્ર્યની પ્રત્યે અસહિષ્ણુ એનો આવેશ ભાવનો,
ભાગતી ઘટિકાઓનો પકડી રાખવા જતો,
એક દિવસમાં ખર્ચ શતકોનો કરવા માગતો હતો,
મુક્ત હસ્તે પ્રેમને ને પરમાનંદ-ઊર્મિને
માગતો 'તો ઉડાડવા;
અથવા મર્ત્ય કાલેયે એ પ્રયત્ન કરી કરી
પ્રગાઢ ઐકય દ્વારા બે માનવી જીવનોતણા,
અકાલતાતણે અર્થે કક્ષા નાની બાંધવા માગતી હતી,
સત્યવાનતણા આત્મામહીં જેમાં આત્મા એકાંત એહનો
હોય પૂરી રખાયલો.
બધું હોય અપાયેલું તે છતાંયે માગ્યા એ કરતી હતી,
એના નિબિડ આશ્લેષથકી તૃપ્તિ ન પામતી,
પોકારી ઊઠવા આ એ ઝંખના રાખતી હતી,
"સુકોમલસ્વભાવી હે સત્યવાન! ઓ પ્રેમી મુજ આત્મના!
આપ પ્રેમ, આપ પ્રેમ, વધારે પ્રેમ આપ તું,
જ્યાં સુધી તું શકે આપી આપ પ્રેમ આ તારા પ્રેમપાત્રને.

સંદેશ મુજ હૈયાનો પુલકાવી તારી પ્રત્યે લઈ જતી
નસેનસ પરે તારી જાતને તું આંકી દે રાખવા તહીં.
કેમ કે પડશું છૂટાં આપણે અલ્પ કાળમાં,
ને તેયે કેટલા લાંબા કાળ માટે, છે તેની જાણ કોણને ?
પ્રચંડ ચક્ર પોતાના રાક્ષસી ચકરાવમાં
ક્યારે આપણને ભેગાં કરશે ને પ્રેમ પાછો પમાડશે,
છે તેની જાણ કોણને ?"
એટલો તો બધો એને ચ્હાતી 'તી કે વિધિનું વેણ ઊચરી
એના સુખી શિરે ભાર પોતાનો એ લાદવા માગતી ન'તી;
ઊછળી આવતો શોક પોતાનો એ પાછો હૈયે દબાવતી
ચુપચાપ રહેવા ત્યાં વિના સાહાય્ય એકલો.
પણ કોઈ કોઈ વાર સત્યવાન અર્ધું પામી જતો હતો,
યા આપણા વિચારોએ અંધ હૈયાંકેરા સંદિગ્ધ ઉત્તરે
અનુચ્ચારિત લેતો 'તો કૈં નહીં તો લહી એની જરૂરને,
અગાધ ગર્ત ઊંડેરી એની ભાવોદ્રેકપૂર્ણ કમીતણો.
ઝડપે નિજ જાનારા દિવસોમાંહ્યથી બધો
જે સમો એ બચાવી શકતો હતો,-
લાકડાં કાપવાકેરા કામમાંથી અરણ્યમાં,
કે અરણ્યતણી વાટે ભોજ્યની શોધમાંહ્યથી,
કે સેવામાંહ્યથી અંધ જિંદગાની જીવતા નિજ તાતની,
સાવિત્રી કાજ તે સર્વ સમો એ રાખતો હતો,
સાન્નિધ્ય ને સમાશ્લેષ હતો એને સમર્પતો,
હૃદયંગમ વાણીના ઉપહાર આપતો મૃદુતાભર્યા,
ને હૈયા પર હૈયાના ધબકારા ગાઢ એને સમર્પતો.
તલહીન હતી જેહ સાવિત્રીની જરૂરત
તેને માટે બધુંયે આ ઓછું જ પડતું હતું.
જો એની હાજરીમાં એ જરા વાર શોકને વીસરી જતી
તોયે એ હોય ના ત્યારે દુઃખસ્પર્શે એ ભરી નાખતો હતો
એકાકી પ્રતિહોરામાં પ્રતિબિંબન પામતું
આગામી દિવસોકેરું રણ એ દેખતી હતી.
જોકે એ છટકી જાવા માટેના મૃત્યુ-દ્વારના

દ્વારા આગ્નેય ઐકયની
નકામી કલ્પનાજન્ય માણતી 'તી મહામુદા
ચિતા-જ્વાળે સજાયેલું કલ્પી નિજ શરીરને,
છતાં એ જાણતી 'તી કે એની સાથે મરી જઈ
અને અનુસરી એને જામો એનો ઝાલીને નિજ હાથમાં,
આપણા અન્ય દેશોના સુખિયા સફરી બની
મીઠા કે ભય પ્રેરંતા પ્રદેશોમાંહ્ય પારના
પોતે જવું ન જોઈએ.
કેમ કે શોકથી ગ્રસ્ત એ માબાપ માટે એની હજી અહીં
જરૂરિયાત રે'વાની રિક્ત રે'તા આયખામાં સહાયની.
બહુશઃ લાગતું એને કે વ્યથા સૌ યુગોતણી
એકમાત્ર દુખે એના બની સાર ભરાઈ 'તી દબાઈને,
એકાગ્રતા હતી પામી સૃષ્ટિ એક એની મધ્યે રિબાયલી.
આમ એ નિજ આત્માના એ: નીરવ ઓરડે
ગુપ્ત શોકતણી સાથે રહેવાને પૂરીને નિજ પ્રેમને
મૂગી પૂજારિણી પેઠે રહેતી 'તી છૂપાં દૈવત સાથમાં,
સંતોષાતાં ન 'તાં જેઓ
એના આયુતણા શબ્દ વિનાના અર્ઘ્ય-અર્પણે,
જેમને કાજ એ ધૂપ-સ્થાને શોક હતી નિજ સમર્પતી,
વેદી બની હતી એની જિંદગી ને બલિદાન હતી સ્વયં.
છતાંય હરહંમેશ સત્યવાન
ને સાવિત્રી વર્ધમાન થતાં અન્યોન્યમાં હતાં,
એવાં કે એમને છૂટાં પાડવા કો શક્તિ શક્ત ન લાગતી,
કેમ કે દેહકેરીયે દીવાલો ભેદ પાડવા
અસમર્થ બની હતી.
સત્યવાન વને જ્યારે હતો અટંત તે સમે
સાવિત્રીનો સચેતાત્મા ઘણીવાર સાથમાં ચાલતો હતો,
ને જાણે એ સંચરંતો સાવિત્રીમાં જ હોય ના
તેમ તેની ક્રિયાઓને સાવિત્રી જાણતી હતી;
ઓછો સભાન એ રોમહર્ષ લ્હેતો
સાવિત્રીની જેમ દૂર હતો છતાં.

સાવિત્રીના પ્રેમરાગાનુરાગનું
પ્રમાણ હરહંમેશ વધતું જ જતું હતું;
શોક ને ભય ખોરાક બનતા 'તા મહાબલિષ્ઠ પ્રેમનો.
નિજ તીવ્ર વ્યથાથી એ વધતો ને ભરી દેતો જગત્ બધું,
હતો જીવન-સર્વસ્વ સાવિત્રીનું બનેલ એ,
એની અખિલ પૃથ્વી ને હતો અખિલ સ્વર્ગ એ.
જીવને જન્મ પામેલો, હોરાઓનું હતો એ બાલ, તે છતાં
હણ્યા નથી જતા એવા દેવો શો એ હતો અમર ચાલતો:
દિવ્ય બળે ભર્યો એનો આત્મા અસીમ વિસ્તરી
લેતો એરણનું રૂપ ઝીલવા ઘા કાળના ને નસીબના:
કે થાકીને શોકકેરા રાગાવેગી વિલાસથી
શોકાત્મા બનતો શાંત, મંદનેત્ર અને નિશ્ચલનિશ્ચયી,
નિજ જોશભરી ઝૂઝે વાટ જોતો કો એક પરિણામની,
કો એક કર્મની, જેમાં સદા માટે પોતે જાય શમી સ્વયં
જીતી લે જાત, જીતી લે મૃત્યુને ને જીતી લે નયનાશ્રુઓ.
પલટાની કિનારીએ હવે વરસ થંભિયું.
જંગી પાંખો પરે વ્યોમે વાતા ઝંઝાવાતો સૌ વિરમી ગયા,
ને રોષે ભર વિક્રાંત ગર્જનો ના જગ આક્રામતાં હવે,
ને હજી સંભળાતી 'તી ગગને જપ-જલ્પના,
ને વિષાદી વાયુ-વાટે ટીપે ટીપે શ્રાંત વર્ષા થતી હતી,
ઢાંકતા 'તા ધરિત્રીને ધીરે ધીરે પ્લવતા ઘન ધૂસરા.
આમ એના શોકકેરું ભારે આભ ઢાંકતું ઉર એહનું.
પૃષ્ઠ ભાગે હતો શાંત આત્મા છૂપો,
એ પરંતુ જ્યોતિ ના આપતો હતો:
વિસ્મૃત શિખરોએથી કો અવાજ ઊતરી આવતો ન'તો;
માત્ર એકાંતમાં એના ચિંતાએ વ્યાપ્ત દુઃખના,
દેહના દૈવની સાથે બોલતું 'તું હૈયું માનવ એહનું.

પ્રથમ સર્ગ સમાપ્ત